Letter No: ED/0150/04/2025 Approved Date: 02-04-2025

રાજ્યની પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવુ શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5158/CHH

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭/છ.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઇલની નોંધ પર તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ સરકારશ્રીની મંજુરી.

<u>પ્રસ્તાવના:</u>

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેના તા.૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવથી વર્ષ ૨૦૨૦-૨૦૨૧ થી રાજ્યની તમામ પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવુ શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવા અંગે નિર્ણય કરવામાં આવેલ હતો પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેના ઠરાવથી કરવામાં આવેલ નિર્ણયનો અમલ થઈ શકેલ ન હતો. તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ના વર્ષોમાં વહીવટી કારણોસર શૈક્ષણિક વર્ષ જુન માસથીજ શરૂ કરવામાં આવેલ હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ની જોગવાઇ મુજબ તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ, ૧૯૬૪ની જોગવાઇ મુજબ વંચાણે લીધેલ ક્રમાંક : (૨) સામેની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઇલ પર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર રજુ કરવામાં આવેલ હતું. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતું.

<u>ઠરાવ</u>:

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની તમામ પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવુ શૈક્ષણિક વર્ષ જુન માસથી જ શરૂ કરવાનું રહેશે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક : (૧) આગળનો તા.૦૪/૦૨/૨૦૨૦નો ઠરાવ મૂળ અસરથી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઇલની નોંધ પર તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. જી. ચૌધરી )

ઉપ સચિવ

Signature Not Verified
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.04.03 11:31:53 +05:30

File No: ED/MSM/e-file/3/2022/5158/CHH
Approved By: Principal Secretary,Primary Education and Secondary Ed
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with OKEN Scanner

Scanned with ACE Scanner